ગુજરાતમિત્ર
ભવિષ્ય દર્પણ

# તુલા (ર.ત.)



## કિસી ફરિશ્તે ને કહા મજનુ સે આપકો ખુદા ને બુલાયા હૈ મજનુ ને કહા ઉનસે મિલના હો તો લૈલા બન કે આ જાયે

**માનસિક સ્થિતિ :**

**બોલો સાહેબ,**

**ભગવાનને મજનુને મળવાની ઇચ્છા થઇ. એણે કોઇ ફરિશ્તા મારફત મજનુને આમંત્રણ મોકલ્યું તો મજનુએ ફરિશ્તાને કહ્યું કે ભગવાનને મળવું હોય તો લૈલા બનીને મને મળવા આવે!**

**આવી માનસિક સ્થિતિ ને શું કહેવાય? આને લૈલા માટે મજનુનું સમર્પણ કહેવાય કે પછી ભગવાન કરતા લૈલા એના માટે વધારે મહત્વની છે એમ કહેવાય!**

**આપના આ વરસના ગ્રહમાન પ્રમાણે તમારી માનસિક પરિસ્થિતિ પણ કંઇક આવી જ રહેવાની શકયતા છે. મનોવિજ્ઞાન કે સાયકોલોજીની ભાષામાં આને 'ફેન્ટસી' કહેવામાં આવે છે. આ ફેન્ટસીની દુનિયામા માણસ એક વખત એન્ટર થઇ જાય પછી એ ઉડતો ઉડતો ખૂબ દૂર દૂર નીકળી જાય છે. કાલ્પનિક સપનાઓ અને માનસિક પોઝીટીવીટી કરતા પણ આ ઘણી ઊંચી પોઝીશન છે.**

**કોઇ માણસ માનસિક રીતે ખૂબ જ નેગેટીવ હોય અને ડિપ્રેશનમાં હોય ત્યારે એને ખૂબ જ ખરાબ અને નિરાશા જનક વિચારો આવે છે. કયારેક તો આપઘાત કરવાના પણ વિચારો આવે છે. એના કરતા આ ફેન્ટસી એકદમ ઊલટી વાત છે. માણસ પોતાની હેસિયત કરતા વધારે અપેક્ષા રાખે તેને 'ચક્રમ' કહેવાય છે. અશકય વસ્તુઓને મેળવવાની મહત્વકાંક્ષા રાખે તેને 'શેખ ચલ્લી' કહેવાય છે અને પોતાની પાસે કંઇ નહીં હોવા છતાં પોતે કંઇ પણ કરી શકે છે એવી લોકોની આગળ શેખી મારનારને 'ભેજાફાય' કહેવાય છે.**

**અહીંથી તમારી વારતા શરૂ થાય છે**

**આ ફેન્ટસીમાં માણસ ચક્રમ, શેખચલ્લી અને ભેજાફાય માણસો કરતા પણ આગળ નીકળી જાય છે. આ સ્થિતિનો પ્લસ પોઇન્ટ એ છે કે એ પોતે આ દુનિયામાં સૌથી સુખી છે એવું માને છે. સમજો કે એની પાસે પૈસાનો ઢગલો થઇ ગયો છે, એ અબજ પતિ છે, દુનિયાના બધા ભૌતિક સુખો એના કદમોમાં આળોટે છે, બધી સફળતા ઓ એને મેળવવા એની પાછળ દોડે છે અને પાતાળ થી સ્વર્ગ સુધી બસ જાણે એનું જ સામ્રાજય છે એવું માને છે. આને 'ફેન્ટસી' કહેવાય છે. આધ્યાત્મિક લાઇનમાં આત્મ સાક્ષાત્કાર કરેલા માણસો જેમ સમાધિ અવસ્થામાં રહે છે. તેમ માનસિક રીતે આ ફેન્ટસીવાળા માણસો પણ સમાધિ અવસ્થામાં હોય છે. આ લોકો ક્ષિતિજ ની પેલે પાર વિહાર કરતા હોય છે. આવા લોકોને પાછા જમીન પર લાવવાનું લગભગ અશકય છે.**

**પછી શિષ્યએ પૂછયું : - હે ગુરૂજીઃ આ ફેન્ટસીમાં જીવવાવાળા માણસો કેટલી સુંદર અને અલૌકિક દુનિયામાં જીવતા હશે નહીં?**

**ગુરુજીએ કહ્યું : - સાચી વાત છે વત્સ, પણ મને એની સાથે રહેવાવાળા માણસોની દયા આવે છે!!**

**આર્થિક નાણાંકિયઃ**

નાણાંકિય દૃષ્ટિએ નવા વરસનો સમય આપને માટે સંતોષકારક રહેશે. આપની ચાલુ આવક સ્થિર રહેશે. તે ઉપરાંત વરસ દરમ્યાન આપની આવકમાં વધારો પણ થાય. આપની આવક વધારવા માટે એપ્રિલ અને જુલાઇ મહિનામાં આપને બે તક મળશે. **પરંતુ આ સંજોગોમાં વધારે પડતા ઉત્સાહમાં કે ઉતાવળમાં કોઇ નિર્ણય લેવો નહીં. પછી એવું નહી બને કે આવનારા સમયમાં તમારી પ્રગતિની ગાડી રીવર્સમાં જવા માંડે. હવે ખાસ તો એ ધ્યાનમાં રાખવાનું કે તમારે જરા મોટું દિલ રાખીને ખરચા પણ વધારવા પડશે. જો કંજુસાઇ કરશો તો આવક વધવાનું અટકી જશે. જલસા કરશો અને કરાવશો એમાં જ મજા આવશે.**

**ધંધો વ્યવસાય નોકરી**

કામકાજ ધંધા માટે પણ આ વરસનો સમય સારો છે. વરસ દરમ્યાન કામકાજ વધે. ધંધો વધે, આવક વધે. **એકંદરે પ્રગતિકારક સમય છે.** વરસમાં અલગ અલગ બે ત્રણ મહિના ધંધામાં થોડું ઠંડુ ચાલે. મશીનરીના અને કારીગરના પ્રોબ્લેમ આવી શકે. કયારેક થોડી ઉઘરાણી ફસાય જાય પરંતુ આ બધું ટેમ્પરરી છે. ફરીથી પાછા એમાંથી બહાર આવી જવાશે અને તમારી ગાડી દોડતી થઇ જશે. **ધંધામાં નાણાકીય બાબતમાં થોડી સાવધાની રાખવાની જરૂર છે. હિસાબમાં બધા સાથે ચોખ્ખા રહેવું.** આ વરસના મધ્યભાગમાં ધંધામાં નવું રોકાણ કરવાની કે ડેવલપમેન્ટ કરવાની ઇચ્છા થાય તો તે પણ કરી શકાય. ભાગીદારીમાં નવું કામ થવાની શકયતા છે.

નોકરીવાળાને માટે પણ સમય સારો છે. નોકરીમાં તમારી પોઝીશન સ્ટેટસ વધે સાથે સાથે જવાબદારી પણ વધે. કયારેક ચાલુ નોકરીમાં કંટાળી જવાય અથવા ત્રાસ લાગે ત્યારે નોકરી બદલવાની ઇચ્છા થઇ જાય અને નોકરી બદલવા માટે સારી ઓફર પણ મળે. **પરંતુ જો નવી નોકરીમાં પરદેશ જઇ શકાય એવી શકયતા હોય તો જ નોકરી બદલવી, નહીં તો જયાં છો ત્યાં જ બરાબર છે.** નોકરીમાં ઇન્ક્રીમેન્ટ ઉપરાંત બીજા લાભ પણ સારા મળશે.

**જમીન મકાન પ્રોપર્ટી**

નવા વરસ દરમ્યાન આપને જમીન મકાનમાં રોકાણ કરવાની અને નવું ખરીદવાની કે અત્યારે જે છે તેના કરતા વધારે મોટી અને સારી પ્રોપર્ટી લેવાની ઇચ્છા થાય પરંતુ આ બાબતમાં તમારી ઇચ્છા શકિત અને નિર્ણય કરતા સપના વધારે હોય. **આ સપના સાકાર કરવા માટે તમારું બેન્ક બેલેન્સ ચેક કરો તો સપના જ બંધ થઇ જાય! આ વરસમાં આવી કોઇ ઉથલપાથલ કરવી નહીં** તમારા બાપદાદાની કોઇ જુની પ્રોપર્ટીમાંથી લાભ થાય એવી થોડી શકયતા છે.

**લગ્ન અને દાંમ્પત્યજીવન**

જેમને આ વરસમાં લગ્ન કરવાની ઇચ્છા હોય તેમણે તાત્કાલિક નિર્ણય લઇ લેવો જરૂરી છે. જો હજી આ કામમાં વિલંબ કરશો તો વિઘ્નો આવવાની શકયતા છે. **આપણા લેવલ કરતા વધારે ઊંચી અપેક્ષા રાખવી નહીં. લવ મેરેજ કરવા નહીં.**

દાંમ્પત્ય જીવનને માટે આપના ગ્રહમાના મધ્યમ છે. તમારા દાંમ્પત્યજીવનમાં સરળતા અને નિખાલસતા હોવી જોઇએ. જો નાટકબાજી કરવા ગયા તો રડવાનો વખત આવશે. તમે જ બહુ હોંશિયાર છો અને તમારા પાર્ટનગરમાં બુધ્ધિ ઓછી છે એવું સમજતા હશો તો સંબંધમાં અંતર પડી જાય. તમારી જોહકુમી કે ડિરેટેટરશીપ તો નહીં જ ચાલે! **સામી વ્યકિતની લાગણી સંજોગો અને સેન્ટીમેન્ટસ સમજીને એમને સપોર્ટ કરશો તો સંવાદિતા રહેશે. જો તમારામાં કોઇ સુધારો નહીં થાય તો તમારા પાર્ટનરને તમારા માટે પ્રેમ તો રહેશે પરંતુ તમે તમારું સન્માન ગુમાવી બેસો એવું બને.**

**સંતાનઃ**

જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેમને માટે આ વરસના અંત ભાગનો સમય અનુકૂળ છે. જેમના સંતાનો મોટા છે એમને સંતાનના કામો અંગે ચિંતા રહેશે. **એમના અભ્યાસની બાબતમાં અને તંદુરસ્તીની બાબતમાં વરસમાં ત્રણ વાર ટેન્શન થાય.** એમના લગ્ન બાકી હોય તો આ કામમાં વિલંબ થાય. એમના કામ ધંધા નોકરીમાં તમારે સપોર્ટ કરવો પડે જો કે એમને પરદેશ જવાના કામમાં સફળતા મળે.

**અભ્યાસઃ**

વિદ્યાર્થી મિત્રો, આ વરસમાં અભ્યાસમાં તમારે વધારે મહેનત કરવાની જરૂર છે. તમારા અભ્યાસમાં તમે વધારે પડતા ઓવરકોન્ફીડન્સમાં આવી જાવ એવું બને. અગાઉ કયારેક તમારું બહુ સારું રિઝલ્ટ આવ્યું હોય એટલે કાયમ સારું આવશે જ એવું માનવું નહીં. બધા વિષયોમાં એક સરખી મહેનત કરવી. મિત્રો તમારો સમય બગાડે અને અભ્યાસ બગડે એવું નહીં થવું જોઇએ. બારમા ધોરણ પછી આગળના અભ્યાસ માટે શરૂઆતમાં થોડું ટેન્શન થાય પણ પછી તમારું કામ થઇ જાય.

**પ્રવાસઃ**

પ્રવાસને માટે આ વરસના ગ્રહમાન મધ્યમ છે. પ્રવાસ કરવાની ઇચ્છા તો ઘણી થાય, આયોજન પણ થાય, પરંતુ સંજોગો અનુકૂળ નહીં હોય એવું બને. તેમ છતાં મીનીમમ બે પ્રવાસ તો થશે જ. કામકાજ ધંધાને માટે લાંબો પ્રવાસ થવાની શકયતા છે આમાં વિદેશ પ્રવાસ પણ થઇ શકે.

**મિત્ર શત્રુઃ**

મિત્રોની બાબતમાં આપના ગ્રહમાન સારા છે. આ વરસમાં નવા મિત્રો બને. નવા સંબંધો શરૂ થાય. મિત્રોને તમારે એમના અંગત કામમાં કે ધંધાકીય કામમાં મદદરૂપ થવું પડે. **વરસ દરમ્યાન કોઇ એકાદ જુના મિત્રનો વિયોગ થવાની શકયતા છે.** શત્રુ જેવું કશું છે નહીં પરંતુ તમારે બનાવવા હોય તો બનાવી શકો. **વરસમાં કયારેક મિત્ર મંડળમાં માનહાનિ નો કોઇ પ્રસંગ બને.**

**કોર્ટ કચેરીઃ**

કોર્ટ કચેરીની બાબતમાં આ વરસમાં આપને કોઇ નવું ટેન્શન થાય એવું નથી. જો તમારા કોઇ કેસ ચાલુ હોય તો તેનું તમારી ફેવરમાં નિરાકરણ આવી જાય. આ સિવાય બીજા કોઇપણ સરકારી ખાતા તરફથી કોઇ જાતની પરેશાની થાય એવું નથી. **એટલું યાદ રાખવું કે તમારે બીજાના લફરામાં પડવું નહીં.**

**તંદુરસ્તી**

તંદુરસ્તીની બાબતમાં એકંદરે તો આ વરસ સારુ છે અને સિરિયસ કશું નથી છતાં વરસમાં બે વખત નાની નાની ફરિયાદ રહેશે. કોઇ એક મોટી તકલીફ થવાની પણ શકયતા છે એમાં થોડું ટેન્શન થઇ શકે. થોડા સમય પછી એના રિપોર્ટ નોર્મલ આવે. આપને માનસિક અસ્વસ્થતા, બીજાની ચિંતા, હાડકાના દુખાવાની તકલીફ અને ઉંઘની તકલીફ રહેશે. નિયમિત મેડિટેશન કરવું. વરસ દરમ્યાન તમારા નજીકના સગા સંબંધીમાં એકાદ વડીલનો વિયોગ થાય જો તમારા ઘરમાં તમારા સિવાય બીજી કોઇ વ્યકિત પણ તુલા રાશિની હોય તો બે વડીલનો વિયોગ થાય.